**આણંદના મે.પાંચમાં એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમા,મું.આણંદ.**

**<u>ક્રિમી.પરચુ.અરજી નં.૯૩૩/૨૦૨૪</u>**

**<u>આંક–</u>**

અરજદાર:– ૧. દિનેશભાઈ ડાહ્યાભાઈ કાછીયા પટેલ

રહે. ભાથીજી મંદીર પાસે, મુ.વીરસદ, તા.બોરસદ, જી.આણંદ.

<u>વિરુધ્ધ</u>

સામાવાળા:– ગુજરાત સરકારશ્રી.

<u>અરજદારો તરફે વિધ્વાન વકીલશ્રી.ડી.એસ.શાહ</u>

<u>સામાવાળા સરકારશ્રી તરફે વિ.સરકારી વકીલશ્રી.એ.કે.પંડયા</u>

**<u>ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.</u>**

**<u>// ચુ કા દો. //</u>**

(૧) અરજદારે હાલની અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે વિરસદ પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટ્રેશન નં. ૧૧૨૧૫૦૩૯૨૪૦૩૩૯/૨૦૨૪, ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૦૫ મુજબના ગુનાની ફરીયાદ સબંધે જામીન મુકત થવા અરજ ગુજારેલ છે.

(૨) અરજદાર–આરોપીના વિ.વકીલશ્રી.ડી.એસ.શાહ ધ્વારા પોતાની દલીલમા જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી નિર્દોષ છે અને કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. વધુમા દલીલ કરેલ છે કે, ફરીયાદ વાળો બનાવ તા. ૧૧/૮/૨૪ ના રોજ બનેલાનુ જણાવેલ છે જયારે ફરીયાદ તા. ૨૩/૮/૨૪ ના રોજ આપેલ છે અને ફરીયાદ મોડી આપવા બાબતે કોઈ ખુલાસો કરેલ નથી. વધુમાં દલીલ કરેલ છે કે અરજદાર/આરાપીનાઓએ ઝાટકા મશીન ફીટ કરેલ નથી તેમ છતાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે, અરજદાર ખેડુત વર્ગના ઈસમ છે અને ખેતી કરીને પોતાનુ ગુજરાન ચલાવે છે અને સ્થાનીક રહેવાસી હોય કયાંય નાસી ભાગી જાય તેવા નથી અને વધુમાં અરજદાર/આરોપી કોઈ ગુનાહીત ઈતીહાસ ધરાવતા નથી.

વધુમાં, અરજદાર/આરોપી વીરુધ્ધ ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૦૫ મુજબનો ગુનો છે અને સદરહુ કલમ વંચાણે લેતા તેના બીજા ભાગમાં હાલનો આક્ષેપીત ગુનો પડતો હોય અરજદાર/આરાપી વીરુધ્ધ આજીવન કેદ કે દેહાંત દંડની સજાને પાત્ર ગુનો નથી. વધુમાં, આ ગુનાની મોટા ભાગની તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને અરજદાર/આરાપી પાસેથી કોઈ રીકવરી કે ડીસ્કવરી કરવાની નથી તથા આ ગુનાની ટ્રાયલ ચાલવામાં લાંબો સમય જાય તેમ છે અને જો અરજદાર/આરાપીને જામીન મુકત કરવામાં ન આવે તો પ્રીટ્રાયલ કનવીકશન થાય તેમ છે. અરજદાર/આરાપી સ્થાનીક રહેવાસી છે અને કુટુબ કબીલા ધરાવે છે અને કયાંય નાસી ભાગી જાય તેમ નથી. વધુમાં અરજદાર/આરાપી નામ.કોર્ટ જે શરતો ફરમાવશે તે પાળવા તૈયાર અને ખુશી છે શરતોને આધીન જામીન મુકતકરવા અરજ ગુજારેલ છે.

(૩) આ કામે નોટીસ કરતા સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી.એ.કે.પંડયા હાજર થઈ મુખ્યત્વે આંક–૫ થી તપાસ કરનાર અમલદાર પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી.આઈ.આર.દેસાઈ વીરસદ પોલીસ સ્ટેશનનાઓનુ સોગંદનામુ રજુ રાખેલ સોગંદનામા ઉપર આધાર રાખી દલીલ કરેલ છે કે આ કામના અરજદાર/આરોપીઓ વિરુધ્ધ આક્ષેપ જોઈએ તો આરોપીએ પોતાના ખેતરમાં ઈલેકટ્રીક ઝટકા મશીનનો વીજ પ્રવાહખેતરની વાડના તારમાં પસાર કરવાથી કોઈ માણસ અથવા કોઈ પશુ અડી જાય તો તેનુ મૃત્યુ થઈ શકે છે તેવુ જાણતો હોવા છતાં આરોપીએ ખેતરની વાડમાં ઈલેકટ્રીક ઝટકા મશીનનો વીજ પ્રવાહ વાડના લોખંડના તારમાં પસાર કરી મુકેલ જે તારને ફરીયાદીના મરણ જનાર સાહેદ દીનેશભાઈ ભાઈલાલભાઈ સોલંકીનાઓ અડી જતા તારમાં પસાર કરેલ ઈલેકટ્રીક ઝટકા મશીનના વીજ કરંટ લાગતા મૃત્યુ નીપજાવી ગુનો કર્યાનો આક્ષેપ છે. આ ગુનાની તપાસ દરમીયાન બનાવ વાળુ ખેતર અરજદાર/આરાપીની માલીકીનુ હોવાના આધાર એકત્રીત કરેલ છે તેમજ એમજીવીસીએલના અધીકારીઓ દ્રારા રજુ રાખેલ રીપોર્ટ મેળવેલ છે અને તપાસ દરમીયાન અરજદાર/આરાપી વીરુધ્ધ પ્રથમ દર્શનીય ગુનો બનતો હોવાના પુરાવા મળી આવેલ છે. આ ગુનાની તપાસ ચાલુ છે તેમજ ઝટકા મશીન એફએસએલમાં મોકલેલ

છે જેનો રીપોર્ટ આવવાનો બાકી છે. આ કામના ફરીયાદી અને સાહેદો તથા અરજદાર/આરાપી એક જ ગામના રહેવાસી છે અને તેથી પુરાવા સાથે ચેડા કરે તેવી શકયતા રહેલ છે. જેથી અરજદાર/આરાપી વીરુધ્ધના ગુનાનો પ્રકાર, ગુનાની ગંભીરતા તથા આરોપીએ ગુનામા ભજવેલ ભાગ  વિગેરે હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૪) હાલની જામીન અરજી તથા તે સાથે રજુ રાખેલ દસ્તાવેજો વંચાણે લીધા. ત.ક.અમલદારનુ સોગંદનામુ વંચાણે લીધુ તથા સાથે રજુ કરેલ પોલીસ તપાસના કાગળો દયાને લીધા.અરજદાર–આરોપીના વિ.વ.શ્રી. તથા વિ.સરકારી વકીલશ્રીની રજુઆત દયાને લીધી.આ કામે સૌ પ્રથમ જોઈએ તો જામીન અરજીનો નીર્ણય કરતી વખતે અરજદાર/આરોપીઓની વ્યકિત સ્વતંત્ર અધીકારની સાથે સાથે સમાજનુ હીત દયાને લેવાનુ રહે છે અને તે બંને વચ્ચે સમતુલા રાખી જામીન અરજીનો નીર્ણય કરવાનો હોય છે. વધુમા જામીન અરજીનો નીર્ણય કરતી વખતે રેકર્ડ ઉપરના પુરાવાની વિગતવાર અને ઉંડાણપુર્વક ચર્ચા કરવી યોગ્ય અને વ્યાજબી કહી શકાય નહી. આ કામે અરજદાર/આરોપીઓ વીરુધ્ધના ગુનાનો આક્ષેપ જોઈએ તો  આરોપીએ પોતાના ખેતરમાં ઈલેકટ્રીક ઝટકા મશીનનો વીજ પ્રવાહખેતરની વાડના તારમાં પસાર કરવાથી કોઈ માણસ અથવા કોઈ પશુ અડી જાય તો તેનુ મૃત્યુ થઈ શકે છે તેવુ જાણતો હોવા છતાં આરોપીએ ખેતરની વાડમાં ઈલેકટ્રીક ઝટકા મશીનનો વીજ પ્રવાહ વાડના લોખંડના તારમાં પસાર કરી મુકેલ જે તારને ફરીયાદીના મરણ જનાર સાહેદ દીનેશભાઈ ભાઈલાલભાઈ સોલંકીનાઓ અડી જતા તારમાં પસાર કરેલ ઈલેકટ્રીક ઝટકા મશીનના વીજ કરંટ લાગતા મૃત્યુ નીપજાવી ગુનો કર્યાનો આક્ષેપ છે. જેથી અરજદાર/આરોપી વીરુધ્ધના ગુનાના આક્ષેપ ધ્યાને લેતા તેમજ અરજદાર/આરોપી વીરુધ્ધના ગુનાનુ સ્વરુપ અને ગુનાનો પ્રકાર ધ્યાને લેતા તેમજ અરજદાર/આરોપી ગુનાહીત ઈતીહાસ ધરાવતા નથી તે ધ્યાને લેતા તેમજ અરજદાર/આરોપી બોરસદ તાલુકાના સ્થાનીક રહેવાસી હોય અને માલ મીલ્કત ધરાવતા હોય કયાંય નાસી ભાગી જાય તેવી શકયતા જણાતી નથી તે હકીકત ધ્યાને લેતા તેમજ પોલીસ તપાસના કાગળો ધ્યાને લેતા મોટા ભાગની તપાસ

પુર્ણ થયેલાનુ જણાય છે તે ધ્યાને લેતા તેમજ સદરહુ ગુનાની ટ્રાયલ ચાલવામાં લાંબો સમય જાય તેમ હોવાનુ અને ટ્રાયલ દરમીયાન અરજદાર/આરોપીને કસ્ટડીમાં રાખવા કોઈ હેતુ પરીપુર્ણ થાય તેમ જણાતુ નથી તે ધ્યાને લેતા અરજદાર/આરોપીને જામીન મુકત કરવાની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચીત જણાતુ હોય જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>// હુકમ. //</u>**

૧. અરજદાર/આરોપી દિનેશભાઈ ડાહયાભાઈ કાછીયા પટેલનાઓની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

અરજદાર/આરોપીએ વિરસદ પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટ્રેશન નં. ૧૧૨૧૫૦૩૯૨૪૦૩૩૯/૨૦૨૪, ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૦૫ મુજબના ગુનાનાકામે રૂ.૨૦,૦૦૦/–(અંકે રૂપિયા વીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કર્યેથી નીચે મુજબની શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામા આવે છે.

**<u>// શરતો //</u>**

૧. અરજદારે પોતાની સ્વતંત્રતાનો દુરુપયોગ કરવો નહી અને કોઈપણ વ્યકતીને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કેસ સબંધીત કોઈ પ્રલોભન, ધમકી અથવા વચન આપવુ નહી કે પુરાવા સાથે ચેડા થાય તેવુ કૃત્ય કરવુ નહી.

૨. અરજદાર/આરોપીએ ત.ક.અ. રુબરુ તથા ટ્રાયલ કોર્ટમાં પોતાના રહેઠાણનુ પુરુ સરનામુ તથા મોબાઈલ નંબર જાહેર કરતુ સોગંદનામુ રજુ કરવુ તેમજ પોતાના રહેઠાણ અંગેનો આધાર રજુ રાખવો.

૩. અરજદાર/આરોપીનાઓએ પોતાનો તથા જામીનદારનો મોબાઈલ નંબર ટ્રાયલ કોર્ટમાં જાહેર કરવો અને જો નંબર બદલાય તો તુરત જ ટ્રાયલ કોર્ટમાં જાણ કરવી.

૪. અરજદાર/આરોપીએ સબંધીત કોર્ટની પરવાનગી સિવાય,ગુજરાત રાજયની સરહદ છોડવી નહી.અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો ટ્રાયલ કોર્ટ સમક્ષ તાત્કાલીક પાસપોર્ટ જમા કરાવવો, અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનુ સોગંદનામુ રજુ કરવુ.

૫. અરજદાર/આરોપીનાઓએ પોતાની સ્થાવર મિલ્કતો અથવા વડીલોપાર્જીત હોય

તે સોગંદનામાથી ટ્રાયલ કોર્ટમાં જાહેર કરવી.

ઉપરોકત શરતનો ભંગ કરતા અરજદાર ફરીથી ધરપકડને પાત્ર થશે.

અરજદારે જામીન અંગેની કાર્યવાહી ટ્રાયલ કોર્ટમાં કરવી. હુકમની જાણ સંબંધિત ટ્રાયલ કોર્ટમાં કરવી.

સદર હુકમ આજ તા.૦૩–૦૯–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કરેલ છે.

તા.૦૩/૦૯/૨૦૨૪.
સ્થળ–આણંદ.

( **એસ.કે.વ્યાસ** )
પાંચમા એડીશ્નલ સેસન્સ જજ
આણંદ(જજ કોડ નં.જી.જે.૦૦૮૨૮)